રજુ તારીખ : ૨૬.૦૨.૨૦૨૬
દાખલ તારીખ : ૨૬.૦૨.૨૦૨૬
નિકાલ તારીખ : ૦૭.૦૩.૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૯

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૦૬/૨૦૨૬**

**આંક : ૦૭**

**અરજદાર :-** **અતુલભાઈ મહેશભાઈ ડામોર,**
ઉ.વ.આ.૨૫, ધંધો-ખેતી/મજૂરી,
રહે : બટકવાડા, નવા ઘરા,
તા. સંતરામપુર, જી. મહીસાગર.

**વિરૂદ્ધ**

**સામાવાળા:-** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:-** **બી.એન.એસ.એસ. ની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| | |
|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી વી. એલ. સંભવાણી** |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ. આર. ડામોર** |

**-: ઠ રા વ :-**

**(૧)** આ કામનાં અરજદાર સંતરામપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦ ૭૨૬૦૦૩૬/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ. ની કલમ-૧૧૧(૩)(૪) મુજબનાં ગુનામાં

જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૧૮.૦૧.૨૦૨૬ નાં રોજ નોંધાયેલ. ત્યારબાદ તા.૧૮.૦૨.૨૦૨૬ નાં રોજ અરજદારની અટક કરવામાં આવેલ. અરજદારે સંતરામપુરનાં એડી. ચીફ જ્યુડી.મેજી. શ્રીની કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૩૮/૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે તા.૨૪.૦૨.૨૦૨૬ નાં રોજ નામંજૂર કરવામાં આવેલ છે. ત્યારબાદથી અરજદાર જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોય, હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, અરજદાર પાસેથી કોઇ મુદ્દામાલ મળી આવેલ નથી, હાલનાં ગુનામાં ખોટી રીતે સંડોવી અટક કરેલ છે. અરજદાર સામે આજીવન કેદ કે મોતની સજાનાં ગુનાનો આક્ષેપ નથી. હાલનાં ગુનાની ટ્રાયલ ચાલતાં લાંબો સમય નીકળી જાય તેમ હોય, અરજદારને જામીન ઉપર મુક્ત કરવામાં ન આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ ગણાશે. અરજદાર યુવાન છે, છૂટક મજૂરી કરી ગુજરાન ચલાવે છે. અરજદાર ક્યાંય નાસી-ભાગી જાય તેમ નથી, નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે, અરજદારની તપાસનાં કામે કોઇ જરૂરિયાત નથી, અરજદાર તેમની સામેની પોલીસ તપાસમાં પૂરો સાથ-સહકાર આપશે તથા જ્યારે અને જ્યાં બોલાવે ત્યારે અને ત્યાં પોલીસ સમક્ષ હાજર રહેશે. 'જામીન એ નિયમ અને જેલ એ અપવાદ' તથા બેલ નોટ જેલનાં સિદ્ધાંતોને ધ્યાને રાખી, અરજદારને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્વાન પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, હાલનો બનાવ તા.૧૮.૦૧.૨૦૨૬ નાં રોજ બનેલ, ત્યારથી હાલનાં અરજદાર નાસતા ફરતા રહ્યા છે. હાલનાં

અરજદારની અટક તા.૧૮.૦૨.૨૦૨૬ નાં રોજ કરેલ છે. અરજદાર વિરૂદ્ધ અગાઉ પ્રોહી. અંગેના પાંચ ગુનાઓ નોંધાયેલ થયેલ છે.

વધુમાં જણાવેલ છે કે, આ કામનાં આરોપીએ પ્રોહી. પ્રતિબંધક એરીયામાં વગર પાસ પરમીટે પોતાના કબજાની બજાજ કંપનીની કાળા કલરની પલ્સર બાઇક જેની આગળ-પાછળ આર.ટી.ઓ. રજી. નં. લખેલ નથી, જેના ચેસીસ નં.MD2A55FX1RCK34810, એન્જીન નં.DTXCRK98474 ની ઉપર એક થેલીમાં ભારતીય બનાવટનાં ઇંગ્લીશ દારુનાં કાચનાં ૧૮૦ એમ.એલ. નાં કવાર્ટરીયા નંગ-૪૦, કિં.રૂા.૭,૨૦૦/- તથા બાઇક, કિં.રૂા.૧,૦૦,૦૦૦/- તથા થેલી મળી, કુલ રૂા.૧,૦૭,૨૦૦/- નાં મુદ્દામાલ પોલીસની નાકાબંધી દરમિયાન રોડ સાઇડમાં મૂકી નજીકમાં આવેલ પગદંડી રસ્તે થઇ ઝાડી-ઝાંખરાઓમાં થઇ જંગલ વિસ્તારમાં નાસી જઇ ગુનો કરેલ છે. હાલ અરજદાર સામેની તપાસ ચાલુ છે. અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્ધાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા આ કામે રજુ અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૬ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૬) ઉપરોકત તમામ હકીકતો તથા ત.ક.અમલદારનું સોગંદનામું ધ્યાને લેતાં, અરજદાર સામે સંતરામપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦ ૭૨૬૦૦૩૬/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ. ની કલમ-૧૧૧(૩)(૪) મુજબનાં ગુનાની ફરિયાદ દાખલ થયેલ છે, જે કામે અરજદારની અટક કરવામાં આવેલ અને અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. ત.ક.અમલદારનું સોગંદનામુ તથા તપાસનાં કાગળો ધ્યાને લેતાં, અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય છે. હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર વિરૂદ્ધ ૫ ગુનાઓ

નોંધાયેલા છે, પરંતુ જામીન અરજીનાં તબક્કે પુરાવાઓની ઉંડાણપૂર્વક કે ગુણદોષ ઉપર ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક-ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર સંતરામપુર તાલુકાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

## - : : હુકમ : : -

(૧) અરજદાર/આરોપી **અતુલભાઇ મહેશભાઇ ડામોર**, ઉ.વ.આ.૨૫, ધંધો-ખેતી/મજૂરી, રહે : બટકવાડા, નવા ઘરા, તા. સંતરામપુર, જી. મહીસાગર નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **કમીટલ કોર્ટ**માં રજુ કર્યેથી સંતરામપુર પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૮૭૦૦ ૭૨૬૦૦૩૬/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨), ૧૧૬(બી) તથા બી.એન.એસ. ની કલમ-૧૧૧(૩)(૪)

મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.

(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાતન રાજ્યની હદ છોડવી નહીં.

(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.

(૪) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૦૭ મી, માહે–માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૭.૦૩.૨૦૨૬
લુણાવડા.

( **એમ. એન. ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

એન. ડી. ખખ્ખર
ગુજ. સ્ટેનો.